ફટાંણા નિષેધ નિબંધ.

કર્તા.

ઇચ્છારામ ભાઇચંદ ભોજક.

મુકામ રાધનપુર.

પ્રસિધકર્તા.

પુરૂષોતમ વી. નથુ શાહ.

તથા

અમીચંદ મંગળજી મહેતા.

अमदावादमां

યુ. પ્રીં. અને જ. એ. કંપની 'લિમીટેડ'ના

પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૪૪. સને ૧૮૮૮.

કીંમત રૂ. ૦—૨—૬.

ફટાંણા નિષેધ નિબંધ.

કર્તા.

ઇચ્છારામ ભાઇચંદ ભોજક.
મુકામ રાધનપુર.

પ્રસિધકર્તા.

પુરૂષોતમ વી. નથુ શાહ.

તથા

અમીચંદ મંગળજી મહેતા.

अमदावादमां

યુ. પ્રી. અને જ. એ. કંપની 'લિમીટેડ'ના
પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૪૪. સને ૧૮૮૮.

કીંમત રૂ. ૦—૨—૬.

अर्पण पत्रीका.

પરમ વિવેકી પરોપકારી મેહરબાન શ્રી.

શોભાગચંદભાઈ વી. વેલચંદભાઈ.

ડીસા તેહસીલદાર સાહેબ.

સ્વસ્થાન પાલણપુર.

લઘુ વયમાં મહાન પદવીએ હોવા છતાં અતિ નમ્રતા વિદ્યા વૃદ્ધિ તરફ અંતઃકરણથી અપાર પ્રીતી અને તેને ઉત્તેજન આપવાની આપની શુભ ઉત્કંઠા ઉદારદીલ તેમજ પૂર્ણ વિદ્વતાથી મોહિત થઈ આ લઘુ નિબંધ આપને અતિ નમ્રતા પૂર્વક અર્પણ કરૂંછું તે સ્વીકારશો એમ આશા રાખુંછું.

હું

આજ્ઞાંકિત.

ઇચ્છારામ ભાઇચંદ (ભોજક)

મુ. દીઓદર થાણા.

ઉપોદ્ઘાત.

સાંપ્રતકાળમાં આપણી આર્ય પ્રજાએ-કુનીતિ રૂ
અબ્ધિના તુરંગમાં પ્રયાણ કરવા સંકલ્પ કીધોછે. જે
કોપાયમાન ઘોરતમ સંકષ્ટ સ્થળમાં પ્રજા નિસ્તેજ પામ
ઉત્તરોતર સ્ત્રી ક્રમના નિયમથી વ્યતિરીક્તતા પ્રકાશ થઇ
સ્ત્રીના મદાન્ધ પુરૂષો પતિન ભક્ત થવા આતુર છે. વિદ
જનોના દીર્ઘ વિચારે સંન્યસ્થ ધારણ કર્યા જણાય
અર્થાત અવ્યવસ્થીત દશા અધર્મા ચરણથી પ્ર
નિર્ભાગ્ય પ્રદેશમાં નિવાશ કરેછે. ઇત્યાદી અસંખ્ય
નિના પરીબળે ઘસારો કરી પ્રજાનું ચિત્ત પરિશ્રમ
કીધું છે. તેમજ પતિ યુથમાં કુબુધ્ધિ અતિ સ્વતંત્રતા
રાખે છે. સ્વદેશી અબળાયોના હૃદયે કુવાક્ય ઠગાઇ વ્યભિ
ચારી સાહસાદિ કુકર્મ સંપોગે એકંગતા કીધીછે.

આ સમસ્ત વિવેચનથી પ્રજાનું ચિત પશ્ચાત રહ્યું
પુનઃ પુસ્તકની બાહુલ્યતા થવાના ભયથી સારાંશ બયા
પ્રકટ કીધુંછે તે પ્રતે વિદ્વજનો પરીશ્રમ થતાં પણ તાત્પર્ય કિં
હિતોપદેશથી આ પ્રશંગે અત્યાનંદિ થશે એમ આશા
યદ્યપિ માહારા પ્રથમ પ્રયત્ને ક્વચિત થયેલ વ્યતિરીક્તત
થી ન કંટાળી ક્ષમા કરી ગુણાનુ ગ્રહણ કરશો. એ વિનંત
મતિ. વૈશાક વદિ ૫ બુધવાર. સંવત ૧૯૪૪ મુ૦ રાધનપુ
દેશાઇવાડો

કર્તા.

વિબુધ પદારવિંદ રજ શમાન.

ધ. ભા.

માંગલીક્ય શમ્ય.

श्लोक.

मंगलंलेखकानांच, पाठकानांचमंगलं;
मंगलंसर्वलोकानां, भूमोभूपातिश्चमंगलं. १

દેવીસ્તુતિ.

शार्दूल्य विक्रीडित वृत.

श्रष्टासूतनयामया भगवतीसानंदकार्योत्सवी;
वाणीवाक्यविशाल[1]व्यंग वरणोर्वीद्याविवीधोद्दवी.
सर्वेषुजनुनीप्रकाशकारिणीदेवीमरालांगिणी,
जगदंबाभववारिणीसुखमयावंदाम्यहंशायिणी.

નિબંધ પ્રયોજન.

વાંમા વાંક વિલોકીને બક[2] થયા પૂર્ણો બહુ ફાંકડા,
પેખે જો અભિચાર્ય કાર્ય હૃદથી જાદે તદા રાંકડા.
જાણે કામિનિ દેવછેજ અથવા કાંતો હશે રાક્ષિણી,
કાંતો મોહિનિ મંત્રછેજ મનથી કાંતો હશે ડાકિણી.
તેનાં વાક્ય કુવાક્ય જેહ જુગમાં કાપો સહુ વીસ્તર્યાં,
જે જે આર્ય સમાજની યુવતિમાં ધીક્કાર્યતા જે વર્યાં.
તેનો માત્ર ઉચ્ચાર આજ વદિને સંપૂર્ણ આશા ધરૂં,
આ, આર્યા તણિ ભૂમિનો જયયજ્ઞે આશીષ્ય હું ઉચ્ચરૂં. ૨

---

૧ ગુહ્યાર્થ. ૨ બગ.

હાલના [૧]આધુનીક કાળમાં આપણા ભરતખંડ પ્રદેશની હિંદ પ્રજા કેટલેક દરજ્જે કુધારાથી ઉત્પન્ન થતા દુર્ગુણ રૂપી મહાન પુથમાં[૨] પ્રવેશ કરી પોતાની હિંદના ખરા અને શુરવીર પાણીને લાન્છન યુક્ત કરે છે તેનાં કારણની તત્વ શોધના પ્રયોગમાં પશ્ચાદવલોકન કરતાં સત્વર તેનો આભાશ પ્રગટ થઈ પડશે.

સઘળા ખંડો કરતાં હાલમાં યુરોપ ખંડેઅહુધા જે કળા કોશલ્યતા અને મહત્તા મેળવીછે તેમજ દિન પ્રતિદીન મેળવેછે તેના શતાંશમે ભાગે પણ બ્રીટીશ પ્રજા પોતાની [૩]ઐક્યતા સ્વતંત્રતા વૈભવ લાવણ્યતા ગાંભીર્યતા અને યોગ્યતા ધરાવે એ અશક્ય છે. તેનું શું પ્રયોજન? ફક્ત યૂરોપ પ્રદેશમાં સ્થિત થએલ પ્રજા સુભાસુભ કૃત્ય વિષે મનન કરી કુધારા અસભ્યતા અને અહંપદના સઘળા સંકલ્પ[૪] તેમજ કનીષ્ટાચારનો વિનાશ કરી સુધારાના કાર્યમાં નિડરપણે પ્રવેશ કરી આગળ પસાર કરેછે આ કેવી ખુશી અને સાનંદાશ્ચર્યની નીશાની છે. શું ? આપણી હિંદી પ્રજા યુરોપની નકલ નહિં કરી શકે ! અલબત અશલ યુરોપના આકારમાં બનવું અશક્ય યદ્યપિ નકલતો બનેજ પરંતું ન બનવા વિષે આપણી સ્વદેશી આર્ય પ્રજામાં અતિશય પ્રૌઢ કુધારે દુરાચારે અસત્પ્રપંચે અને પ્રગાઢ[૫] વિવાદે આવી પ્રવેશ કીધો છે. આ કુધારા વિષે યથાન્યાયે વિ

---

૧ વર્તમાન. ૨ ઢગલો. ૩ સંપ ૪ વિચાર ૫ પ્રબળ.

ચાર શ્રેણીએ[1] ચઢતાં સ્ત્રીઓથી પ્રગટ થાયછે બલકે તેનું ખરૂં જડત્વ સ્ત્રીઓજ છે એમ કલ્પનાવડે નિર્વિવાદે જણાઈ આવેછે એમ વિદ્વજ્જનોને નિસંદેહે જણાશેજ.

ઉચ્ચ અને નિંચ કોમની પત્નિયો પોતાનાં સગાં સંબંધીયોમાં લગ્ન વિગેરે કેટલીક વખ્તે ઉંચા સ્વરથી રાગડા તાણી પોતાની જીભને કલંકિત કરવામાં [2]સંકુચીત ન થતાં ઢાલરૂપી દરીઆને જોશ આપી પોતાનાં અને અન્યનાં ચિત રંજન કરવા સ્વ[3]આનનમાંથી અત્યંત બિભીત્સ વાક્યો વાપરી પોતાની મહત્તા પ્રેમમુર્તિના આલ્હાદકારી વીશાળ સ્વરૂપને એબ લગાડેછે અને લગ્નના માંગલીક્ય સમયમાં [4]અભિયુક્ત થઈ હૃદય વેધક વિષય વાસનામાં ગ્રસ્ત બના અધમ વાક્યો વદી અઘોર પાપનો પુથ ગ્રહણ કરેછે અને બાલ્યાવસ્થાથીજ નિષ્ઠુર વચનોમાં ગ્રસ્ત થઈ દીન પ્રતીદીન તેમાં નિમગ્ન થાયછે. આ એક શૌભાગ્યવાન સ્ત્રીઓને માટે ઘણુંજ દિલગીર થવાનું ચીન્હછે. હું ધારૂંછું કે આ પ્રાચિન પધ્ધતિ ન હોય. પ્રાચીન શમયમાં આવાં કુવાક્ય વદવાની અયોગ્ય છુટ લલનાયોને મળી હોય એમ સ્વપ્ને પણ માની શકાય નહીં અપ્રીય વચનમાં કદી પણ રસ હોતો નથી. સ્ત્રી વર્ગ જાતે અબળા કેવાયછે યદ્યપિ લગ્ન વીગેરે શમયે તેઓ સબળ થઈ પડી જે પરાક્રમ દર્શાવેછે તે પરાક્રમ આ સ્થળે [5]અવર્ણનીય થઈ પડેછે અને પછી તેવી મદાન્ધમસ્ત બનેલી વનીતાઓના

---

૧ પગથીયાં. ૨ અટકાવું. ૩ મુખ. ૪ ધસમસાને. ૫ નવર્ણાય.

અબળા નામનો તદ્દન લોપ થઈ જાયછે આ થોડી હાસ્ય જનક બીના નથી. આ શમયની સ્ત્રીઓનો દેખાવ, શાક્ષાત યુદ્ધ શમયનો [1]સમરાંગણમાં થતો દર્શાઇ આવેછે તેમજ દેવના કોપથી રાક્ષીણીયો દુનીયાંનું ભક્ષ કરવા આવી હોય એમ તાદ્રશ જણાઈ આવેછે. આહાવી વનિતાયો પોતાની લજ્યાનું [2]નિકંદન કરી [3]સ્વચ્છંદે વર્તિ દુર્ગતિનો માર્ગ ગ્રાહ્ય કરી લેછે વૃદ્ધ ચાણાયક શાસ્ત્રમાં કહ્યુંછે કે.

श्लोक.

स्त्रिणांद्विगुंणमाहारो लज्याश्चापिश्चतुर्गुणा.
साहसंषटगुंणंश्चैव कामाष्टाचगुंणास्मृतः १

એવી રીતે શાસ્ત્રમાં સ્ત્રિયોને લજ્યા ચાર ગુંણી કહેલીછે યદ્યપી આવે શમયે તેમની લજ્યાની લાગણી અને સદ્‌ગુંણ શ્રદ્ધા તેમજ આચાર વિચારનો એકાએક ક્ષય થઈ જાયછે અને લેશ માત્ર પણ પોતાની માનવ પ્રકૃતી અને મહાદ્‌ભાવનું ચિન્હ નહીં દરશાવતાં પોતાની નિચ બુદ્ધિની ક્ષીણતામાં સર્વથા વૃત્તીપ્રવૃતીમાં [4]વીહ્‌વળ થઇ મોહાન્ધકારમાં નિસ્તેજ બની રહેછે અને મનોવીકારેની સંકળના અધર્માચરણમાં અનિયમીતપણે ઉશ્કેરાયલા તરંગોવડે બેદરકારે થઇ ખેચી જાય છે. તો પછી ચાર ગુંણી લજ્યા યુક્ત કેહેવી એમ કલ્પના [5] કવચિત્ પણ થઇ શકતી નથી. હાઃધિકઃ આર્ય વર્ગની સ્થિતિને !! કે આર્ય સમાજના પુરૂષો પણ

---

૧ યુધની જગ્યા. ૨ નાશ. ૩ મરજી. મુજબ.૪ વ્યાકુળ. ૫ કદાપી.

તદન આત્મસ્વારથીપણું ધારણકરી અવ્યવસ્થિત દશાને પામેલા છે. આપણી [1]હતભાગ્ય આર્ય પ્રજા માત્ર વિષયાનંદમાંજ સ્તબ્ધ થઇ આ ક્ષણિક વીશ્વમાં નિર્માલ્ય પણે તન્મય થઈ રહીછે એ ઘણીજ ખેદ જનક બીનાનું [2]નિદાન છે.

બ્રહ્મ પુરાણમાં કહ્યુંછે "સ્ત્રીયોએ સ્વપતિની આજ્ઞા શીવાય જ્યાં ત્યાં એકલાં કદીપણ ગમન કરવું નહીં" પરંતુ આ શાસ્ત્રના વાકયને ખુંણામાં જુમી મધ્યે ક્ષેપવી રાખ્યું હોય એમ નિસંદેહે કલ્પવામાં આવેછે અથવા કાંતો હાલના લેભાગુ શાસ્ત્ર વેતાએ ઉપરના વાકયને પેનસન આપી પોતાના મન ધાર્યા [3]કપોળ પુરાણમાંથી આ વાકયનું[4] પ્રતીસ્પર્ધિ વાક્ય સ્ત્રીઓને જોઇતી છુટ અર્પણ કરવા વિષયનું ઘડી કાહાડયું હોયતો પછી માહરો સંકલ્પ નાશ પામવાને [5]સીઘ્રતા ધારણ કરશે એમાં શક નથી.

સ્ત્રીઓના દુષ્ટ પ્રચાર અને કુવાક્યથી આપણા હિંદની છેક વિચીત્રતા અને વિપરીતતા ભાષેછે. બેશક આવા કુવાક્યથી આ વિશ્વમાં કેટલીક અબળાયો પોતાનું સાત્માદિ સર્વ કુટુમ્બ ત્યાગ કરી કોઇ સમયે તદન નઠારી સ્થિતિને પાત્ર થઈ [6]પ્લાયન થઈ જાયછે માટે સુવાક્ય વદવું સર્વથા શ્રેષ્ટછે.

---

૧ કમભાગ્ય. ૨ કારણ. ૩ ગપ્પ. ૪ વિરૂદ્ધ. ૫ ઉતાવળ. ૬ નાશી જવું.

દોહરો

કામિનિ મુખમાંથી કદી, વદશે હલકા બોલ.
તરેણ ભુવનમાં તેહનો નિશ્ચય ન રહે તોલ. ૧

છેવટ પચાસથી પણ અધિક વર્ષની વયવાન વૃદ્ધા સ્ત્રિઓ કુવાક્ય ભાષણ કરી પોતાની લઘુ[૧] દુહિતાયોને અમર્યાદ અને વિવાદ રીતે વર્તવા તેમજ કુસંસ્કારવાળાં અપ્રીય ભાષણો બલકે બીભિત્સ ગિતો વદવા શીખવી તેમાં વધારે માહિત થવા ઉત્તજન આપેછે આ શું ! ઓછી શરમની વાત નથી. બાળ અબળાયોનાં ચિત્ત આવાવી બાબતપર વધારે ખેંચાયાથી અનુક્રમે કુકર્મની પ્રેરણા[૨] પ્રદીપ્ત થાય છે સુભકૃત્યોનો પરમાર્થનો અને આત્મોન્નતિનો લોપ થાયછે. વ્યભીચારાદિ જાર કૃત્યમાં મદાંધજનો[૩] મસગુલતા ધારી વિકશ્વર થઇ મનોભાવમાં પ્રયાસ કરી રહ્યાછે પ્રજાને[૪] પાયમાલ કરનાર બદ કર્મોનું પ્રબળ વૃદ્ધિ પામવાથી લક્ષ્મીનો નાશ થયોછે ઈત્યાદિ અવર્ણનિય અસંખ્ય હાનીયો ઉત્પન થાય છે.

એવાં ધિક્કાર્ય ગીતો "ફટાણાં" વદવાનો દુષ્ટ રીવાજ આપણી આર્ય પ્રજામાં કેટલીક પ્રાશ્ચિત મુદતથી સમર્થિત થઈ પડયોછે તેનું નિકંદન કરવા અત્યાગ્રહિ[૫] આકાંક્ષા ધારણ કરવી એ દરેક વિધ્વજનોનું અત્યુતમ કાર્યછે તેમજ આવા સાર્વજનિક કાર્યમાં નિરભીમાનપણે ઉત્સુકતા ગ્રાહ્ય કરવામાં પુરૂષાર્થની સર્વાર્થ સીદ્ધિ અને દેશોન્નતિનું સ્વર્ગિય સુખ પામવું દુર્લભ નથી એ વાસ્તવીકછે.

---

૧ પુત્રી. ૨ પ્રગટ. ૩ ખુશી. ૪ ખરાબ. ૫ વૃત્તી.

અરે! માહારા પ્યારા બાન્ધવો જ્યારે આવો અકલ્યાણી અને નિર્થક [1]પબ્લીક કુચાલી રશમ બંધ પાડવા બલકે તેને નિર્મૂલ કરવા તમારા શૈર્યને યુક્તિ પ્રયુક્તિ એ ગતિ નહિં આપો ત્યાં સુધી તમારૂં ધાર્મિકયપણું પાન્ડીત્યપણું અને સુધારાના [2]અગ્રેસરપણું કશા કાર્યમાં આવનાર નથી હું ધારૂંછું કે સઘળા પુરૂષ વર્ગે આ ક્ષણ ભંગુર દુંનીયાંમાં પ્રથમથીજ મોહોટા ચોફાળની શોડ તાણી શયન કીધું જણાયછે. અર્થાત પછી કયારે જાગૃત થઈ ચાલતો પ્રૌઢ અધર્મ દુર કરશો અને બંધ પામેલાં કેળવણીનાં દ્વાર કયારે ખુલ્લાં પાડશો એ સમજાતું નથી આ. અધર્મનો વિનાશ જ્યાંસુધી થશે નહીં ત્યાં સુધી આપણી આર્ય વર્ગની અપદશાનો ભ્રાન્તિનો દુરાચારનો અને કલુષિતપણાનો નાશ થાવાનો નથી. અને પરીણામે [3]દામ્પત્ય સુખમાં પણ વિવિધ પ્રકારે કદર્થના પ્રાપ્ત થાય એ નિસંદેહજછે.

અતિ આનંદકર્તા એક બીનાછે કે આપણી માનવંતી નામદાર સરકાર પણ આ કુકર્મિ વનિતાયોના રીવાજને બંધ પાડવા કોશીસ ચલાવશે ત્યારે આહુત્ભાગ્ય પ્રજાને બેહદ ઉમંગ પ્રાપ્ત થશે. આપણા [4]બ્રીટીશ ઇન્ડીયાના સન ૧૮૬૦ના ૪૫ મા (પીનલકોડ) એકટમાં ૨૯૪ મી કલમમાં પણ બિભિત્સ ગીતો ગાવા મનાઈ કીધીછે તેમજ આવાં નઠારાં ગીતો વદનારને ત્રણ માસની કેદ અથવા

---

૧ પ્રખ્યાત. ૨ મુખી. ૩ સ્ત્રી પુરૂષ. ૪ હિન્દુસ્થાન.

દંડની સજા કરવા ફરમાવ્યુંછે માટે તેવાં ગીતોની વદના-ર [1]ગુર્જર પત્નિઓની પંક્તિને સદરહુ કાયદો પોતાના સ્વ-તંત્ર તાબામાં લેસે તો અવશ્ય આ પ્રજાનું ભાગ્યોદય થશે-જ. તેમજ આ ગુન્હો બ્રીટીશ કાયદાના નિયમ પ્રમાણે પોલીશ વગર વારંટે પકડી શકે તેવો (કૉગ્નિ ઝેબલ)છે. છતાં પોલીશ પણ અહિંની ફટાંણા મંડળી ન પકડે આ ઘણી હાસ્ય જનક અને સંકલ્પ વિકલ્પ ઉપજાવનાર બીનાછે કારણકે આવાં નિચ અને પબ્લિક રીતે ગીતો વદનારને ગુંન્હેગાર નહિં ગણવાં એવો સદરહુ કાયદામાં કોઈ [2]અપવાદ જોવામાં આવતો નથી માટે સરકારે પણ સાર્વજનીક લાભના માટે આવી, લગ્નમાં અમાંગલીક્ય-રીતની વૃદ્ધિ ન થાવા આવા ગુન્હેગારોને તેમજ તેમાં ઉસ્કેરણી તથા શાહાય કરનાર મદદગારોને યોગ્ય [3]શાશને પોહોચાડવા પ્રયાસ કરવો જોઇએ એમ મારી અરજછે.

(છંદ મનહર)

કાયદો વિલોકતાં તો ફાયદો જણાય પણ,
પતની સમાન પુરૂષોને તો ગણે નહિં.
પુરૂષો પીડાય જીહાં જાય તહાં કષ્ટ સહે,
નારીનો કરેલ ગુન્હો ગુન્હો ગણસે નહીં.
નારીપર રાખે દયા પુરૂષો ગુન્હામાં લહ્યા,
દુષ્ટતાના માર સહ્યાં ફાયદો કંઈ નહીં.
કાયદો પિનલ જોતાં ફાયદો નારીને સહી,
બીજા ભલે કહે પણ હવેતો માનું નહીં. ૧.

---

૧ ગુજરાતી. ૨ બચાવ. ૩ શીક્ષા.

કેટલાક વ્યભીચારી કામાન્ધિ મનુષ્યોને આવાં બિભિત્સ ગીત અત્યંત માધુર્ય અને [1]કર્ણ પ્રીય લાગેછે. અને તે વિષે વધારે પ્રસારવ કરવામાં તેઓ બનતી મદદ આપવાને [2]ઉત્કર્ષતા ધરાવી [3]તરૂણ લલનાયોને બીન ધડકથી સ્વચ્છંદે વર્ત્તવા સંપૂર્ણ ઉત્તેજન આપેછે. મતલબ કે જો કદી યુવતિઓ આહાવા કુવાક્યોમાં અને દુષ્કૃત્યોમાં સંયોગતા ધારણ કરશે અને દુષ્ટ કૃતવ્ય કર્મમાં કુચેષ્ટાઓના હૃદયો ઘાતક તુરંગમાં સંક્ષીપ્ત રીતે દીનબદીન વધારે કાવશે તો પછી આપણા વ્યભિચારી જનોનું ગુજરાન ચાલુ રહેશે. અને અબળાયો સુધરવામાં આપણને કંઈપણ ફળ નથી. પ્રીય સ્નેહીયો ! તમે વિચાર કરોકે પરિણામે વિપદ અને વિનાશ થશે એ તાદ્રશ્યતાની કૃતી દરશાયછે. વ્યભીચારી જનો આહાવી રચના ટગટગ જોયાં કરી પોતાનું ચિત્ રંજીત કરે બલકે હરેક ઠગબાજી વડે સુસિલ વનિતાયોની માનસીક પ્રતીયો ડગાવી શ્યામ દામ અને ભેદ વડે મદનાદિ કૃત્યોમાં પતંગની પ્રાયે ઝંપાપાત કરાવે આ આપણા સ્વદેશી ગુર્જર સ્નેહીયોને કંઈ ઓછું શરમ ભરેલું અને તીરસ્કાર ભરેલું [4]પ્રતીપાદન નથી.

કેટલાંક મનુષ્યો પોતાની [5]ભગિની [6]તનુજા કે પ્રેમદાયોને બિભીત્સ ગીતો વદતાં સાંભળી બેહદ ખુશી થઈ પોતાની સગીયોને શાબાશી (ઉત્તેજન) આપેછે. કે શાંહાંમાવાળા

---

૧ કાન. ૨ ઉલટ. ૩ નાંહાંની. ૪ કારણ. ૫ બેન. ૬ પુત્રી.

(વેવાઇ વર્ગ)ને બહુ સારૂં ગાયુંછે. પણ તેવા [1]સઠ જનો વિચાર નથી કરતા કે આપણા બેઠાં આપણી સગી અબળાયો આવાં અપ્રીય બિભીત્સ વાક્યો વદી આપણા ઉત્તમ કુળને અને મનુષ્યાવતારને એબ લગાડેછે આ શું! આપણી આર્ય પ્રજામાં કેટલી [2]વિલક્ષણતા અને ચમતકૃતીનું વલણ દરશાયછે. આહાવી ઘણીજ શરમ યુક્ત વાતમાં તેવાં ગીતોનાં [3]શ્રોતાજનોને અને શાબાશી આપનારને તેમજ તેથી પ્રીય થનાર [4]નરાધમોને બાયલા અથવા ભડુવા સીવાય વધારે પદવી આપવી દુરસ્ત નથી. કલ્પના પ્રાપ્ત થાયછે કે જે લોકો આવા બે અદબી કાર્યમાં વધારે નિમગ્નછે તેમણે આવે શમયે કાન્તાયોનો પોશાક પહેરેલો જણાયછે. શું? તે માનવોને કંઇપણ શરમ નહિં આવતી હોય? આહાવી કુચાલી વદ્વબાયોને અવશ્ય સજા કરીએ. તદપી તેમાં અયોગ્યતા થાય અને તેનું [5]પ્રાયશ્ચિત લાગે એમ કોઈ શીદ્ધાંત શાસ્ત્ર પણ [6]ગ્વાહી નહીંજ આપે તો પછી શા માટે તેહવી કામાન્ધ દુષ્ટ પતિઓને મન ધાર્યું કરો આપવું?

તોટક વૃત.

બબનાં બળિને બટકાજ કરે,
પતિપ્યાર તજી પળમાં પ્રસરે,
સણગાર સજી સગળે ભમતી,
વદિ વાક્ય કુવાક્ય વિવાદ અતી. ૧

---

૧ મુરખ. ૨ આશ્ચર્યતા. ૩ સાંભળનાર. ૪ અધમનર. ૫ પાપ. ૬ સાક્ષી.

ગિત ગાય ગણાય નહીં ગમતાં,
બહુ બોલ બિભીત્સ બનાવિ છતાં,
સહુ શોભતિ આર્ય રિતી ગમતી,
પણ છેક બુરી વનિતાનિ રિતી. ૨

ગાડરીયા પ્રવાહની મીસાલે આ બિકાર્ય રેશમ પ્રબળ થઈ પડ્યો છે તેમા જ્ઞાની અને જનહિતકર સ્નેહિઓએ નિડરપણે પસાર કરી ચાલતો અધર્મ બાધિત[1] તકરી સત્વર તેનો નાશ કરવા શ્રમ લેવો જોઇયે. યદ્યપિ આતો ઉપહાસ્ય જનક એકાગ્રચિતે "પુંછ પકડાતો પકડા" પણ પાછા છોડી શકવું દુર્ઘટ થાય છે. આ થોડી દીલગીરીનું અને વિષાદ કર્તા કાર્ય નથી. શું! આપણી આર્ય સમાજના મરદો નિર્વિર્ય થયા હશે? જુવો! એમતો ખરૂં છેકે "એક હાથે તાળી ન પડે અર્થાત આ ચાલતો અધર્મ એક મનુષ્યથી દુર થવો અશક્ય છે. પરંતુ સર્વ વીદ્વજનો વિચાર કરી આ રીવાજના પ્રતિસ્પર્ધિ થઈ આ તીમિરનો નાશ કરે તોજ થાય. જ્યારે આ તિમીરની સત્તા નષ્ટ થશે તો પછી આર્ય પ્રજાને થોડું પ્રફુલીત થવાનું ચિન્હ નથી. આ તિમીરનો નષ્ટ કર્તા પોતિવંત શૌર્યજન આર્ય પ્રજાપર ધર્મ બુદ્ધિવડે સર્વ ને આત્મસમાન કલ્પી સંરક્ષણાર્થે વાત્સલ્યતાનો વિતાન[2] થઈ રહેનાર પ્રાક્રમીજન ક્યારે ઉત્પન્ન થશે એ સમજાતું નથી. કહેવત છેકે "જેનો આગેવાન આંધળો તેનું લશ્કર કુવામાં" તે ન્યાયે આ

---

૧ અટકાવી. ૨ ચંદરવો

પ્રજામાં ચાલવા લાગ્યું છે. અજ્ઞાન રૂપ કુપમાં ફસાઈ ગયાછો તે ક્યારે નિકળશો? અને કોણ કાઢશે! તેમજ તે કુપનું આચ્છાદન[1] કોણ થશે? તે દરેશાતું નથી. પોતાના વામાઓ કન્યકાઓ અને ભગિનીઓને અન્યજનોએ હરણ કરી જાતાં ત્રિલોકી બાયલા બગ ધ્યાન ધરી બેશી રહે તે કાંઈ ઓછો અંધેર નથી. આવા બાયલાઓએ પણ સ્ત્રિવર્ગનો પોશાક પહેરી માતા બેચરાની યાત્રા કરી ત્યાં નિવાસીત થવું યોગ્ય છે. શું! તેવાં મનુષ્યોને શરમ નહિં આવતી હોય? અલબત શરમતો શું પરંતુ આહાવે શમયે પોતાનો પ્યારો જાન ત્યાગ કરવો યોગ્ય છે. કેમકે જ્યારે નિજ કુટુંમ્બનાં સ્ત્રિયાદિક માણસો પોતાના પતિ પીતા કે બાન્ધવોને સાંભળતાં શરમયુક્ત અપ્રીય બિર્ભત્સ વાક્યો પ્રગટપણે ગીતો (ફટાંણાં) વદે તો પછી તે શ્રોતાજનોને પતિ પીતા કે બાન્ધવ નહિં પણ તેમના પર કામાન્ધ વિચાર ચિંતન કર્તા બલ્કે તેમના સુભ ગુણના દ્રોહીજ[2] માનવા વાસ્તવીક છે.

આવે શમયે કોઇ પુરૂષ એવો કવેશ્ચન (સ્વાલ) કરશે કે "સ્ત્રીયોનો જાતી સ્વભાવછે કે વિવાહની વખતે એ અદબી બોલતાં પોતાનાં સગાં સંબંધીયોની દરકાર રાખતીયોજ નથી." આ વિષે માહારે એટલુંજ કહેવું ઘટીતછે કે જ્યારે સ્ત્રીયો પુરૂષોની દરેકારે ન રાખતાં પોતાના દુકૃત્યમાં[3] ન્યૂનતા ધારણ નકરે અને અનાચારમાં[4] સ્તંભીત રહે તો પછી

---

૧ ઢાંકણું. ૨ દૂશી. ૩ ઓછાપણું. ૪ સ્થીર.

આપણે ઉલટ સમજવું જોઇએ. એટલે તે પુરૂષોને સ્ત્રીયોના વર્ગમાં અને સ્ત્રિઓને પુરૂષોના વર્ગમાં દાખલ કરવાં જોઇએ. સ્વપત્નિયો પોતાને વશ્ય તેમજ [1]નિયંત્રણામાં ન રહે તો પછી તેવા પુરૂષોને[2] શુન્ઢ યાતિમાં ગણવાને હરકત નથી. તથા વિવાહ વિગેરે જે માંગલીક્ય શમયછે અને જેમાં વેદશાસ્ત્રના મંત્રોના સંસ્કારવડે સઘળી શમપત્યાદિક ક્રિયા થઇ માંગલીક્ય વરતાવામાં આવે છે તો પછી તેવા ઉતમોતમ શમયમાં બિભિત્સ ગીતો (ફટાંણાં) તાદ્દશ અમાંગલીક્ય કર્તા અને અધિપતી પ્રજા વત્સળની અકૃપાવાળાંજ છે એમાં શક નથી. આવી રીતે જાણ્યાછતાં સુભ સમયમાં અમાંગલીક્યતા. અને અપસુકન થવાની તે વીવાહના દામપત્યને પરસ્પર કલેશની તથા અશુખની તેમજ ઇત્યાદિક અનેક પ્રકારની હાની પ્રદીપ્ત થાય છે. કવચિત્ લગ્નમાં આવા નિંદ્ય કાર્યના અપશુકનથી દામપત્ય ખંડાત પણ (મૃત્યુ) થઇ જાય છે તો પછી શામાટે આવા દુઃખની[3] ઉપાસનાનો અર્થ [4]સ્વીકાર કરવો જોઇએ. આ બીના શ્રોતા અને વક્તા ઉભયને યથાક્રમે હાનીમાં નૂન્યાધિક કર્તા નથી અર્થાત બંને વર્ગમાં હાનીકારક છે. અને આવાં અધમ ગીતોમાં કંઇ પણ[5] તાત્પર્ય નથી કે શારીરિક સુખની વૃદ્ધિ પણ નથી. એકંદરે સર્વત્ર આનંદનો અભાવ છે. માટે સન્માર્ગ ગ્રાહ્ય કરવો એ જગદુત્પતિમાં સર્વથા શ્રેષ્ટ કાર્યછે. આવા

---

૧ કબજે. ૨ નપુંશક. ૩ આચરણ. ૪ કબુલ. ૫ સાર.

ગીતોનું પરિણામ અદ્રશ્ય છે માટે માનવોને તેની સત્વર તજવાની લાગણી થતી નથી અને વધારે પ્રયાસમાં તૃપ્ત થાય છે. વાસ્તે પોતાના વૈભવમાં અપાર આનંદ આપનાર, કુવચન ત્યાગી થવું એજ[1] શ્રેયછે.

દોહરો.

વદવું વચન વિચારિને, જો સુખ ઇછા થાય;
કુવચન કેરા કાર્યથી, પળમાં પ્રાણજ જાય; ૧

ઘણી દિલગીરીની વાત છે કે સૈકડે પાંચ પુરૂષો પણ સ્ત્રિઓના ભ્રમ મોહમાં ન ફસાએલ જોવામાં આવતા નથી. પુરૂષ પોતાની પત્નિને બદકાર્ય કરતાં અને કુવાક્ય વદતાં ન અટકાવે ત્યારે તેણે જાણી બુજી સાફ કે આર્થાન્ત [2]સમ્મતિ આપી તેમ માનવું જોઇએ.પુરૂષ પોતાની સુન્દ-રીને[3] પ્રતિબંધ કરે તો અલબત થાયજ એમાં કાંઇ વિલ-ક્ષણતા નથીજ કેમકે પ્રીતોનો અમલ પુરૂષો કરતાં સ્ત્રિઓ-પર કેટલાક દરજ્જે વધારે સત્તા ધરાવેછે પત્નિયોનાં હૃદય પુરૂષો થકી અતિ[4] મૃદુ હોય છે. સ્ત્રિઓને[5] કંદર્પ વિષે ચિંતન કરવા હરવખ્તે પ્રસંગ મળી આવે છે કેમકે તેમને શાંચારિક નિર્વાહ ચલાવવાની ફરજ છે નહિં આ ફરજ ઇશ્વરે પુરૂષોપર નાખેલી છે. કેમકે કહ્યુંછે કે "**कामाष्टाच गुणास्मृतः**" અર્થાત તેમને કામાગ્નિ આતાપ પુરૂષો

---

૧ મોક્ષ. ૨ રજા. ૩ અટકાવ. ૪ કુમળાં. ૫ કામદેવ.

થકી. આઠ ગુંણો[1] દગ્ધ કરેછે. આ તિવ્ર[2] મન્મથ પિડાનું નીવારણ સ્રિઓને લગ્ન કરારના પુનિત પ્રેમથી બંધાએલ જોડાના સ્વપુરૂષો શિવાય અન્ય નથી તો પછી સુજ્ઞ પુરૂષે સ્રિનું મનહરણ થવું એ અશક્ય નથી સ્રિ પુરૂષનું ચિત્ત[3] વિભક્ત રહે તો પછી તેમની જોડાએની પ્રીતિનો સંગમ અપૂર્ણ જાણવો વિભક્તતા એ ઘણી ખેદજનક બીનાછે. બલકે વિભકતતાથી ઉભયને અવર્ણનીય કષ્ટ ઉત્પન્ન થઇ કુસંપનું બીજ રોપાયછે[4] અવિભક્તતા થયા સીવાય સ્નેહ પોતાનું પગલું પાછું ખેચેછે. સ્વ પત્નિઓને લૌકિક નિયમમાં રાખવા તેમનું ચિત શાન્ત કરવા કુમાર્ગે નહિં ખેંચાવા અને[5] વાત્સલ્ય વૃદ્ધિ થાવા પુરૂષોએ બનતી પ્રયત્નતાથી સ્નેહની લગામ પોતાના કરમાં રાખવી એ પુરૂષોની ચાતુર્યતાનિ પ્રશંસીક ખુબી છે.

હે! પ્રીય આર્ય સ્વજનો! જ્યારે સ્રીઓને બિભિત્સ ગિતો (ફટાંણા) ગાવાપર વધારે પ્યાર જોડાયછે તો પછી તેમને માટે વિદ્વજનોએ ખાસ સુ વિચાર કરવો અવશ્યનો છે આ વિષે વીચાર કરી મહાન કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇએ લગ્ન વખ્તે અનોન્ય પત્નિઓને વદવાર્થે કેટલાંક વિવિધ પ્રકારનાં ગિતો બનાવેલાં છે તેવાં ગિતો વદવાને સુશિક્ષિત અબળાયોને કોઇ વાતે અડચણ છે એમ હું ધારતો નથી. આહાવાં સુકવિ રચિત સુશોભિત રમુજી ગીતો વદ-

---

૧ બાળે. ૨ કામ. ૩ જોડાઇ. ૪ ભોળાઇ. ૫ પ્રીતી.

વાપર સર્વ પત્નિઓએ વધારે [૧]પરાયણતાથી પ્યાર જોડવો જોઇએ એમ માહારી ખાસ ભળામણ છે.

આપણી હિંદ પ્રજામાં એક મોહોટા અજીત વ્યભિચારે આવી પ્રવેશ કીધોછે અને તે મનુષ્યત્વ પણાનો [૨]રિપુ અને [૩]ગ્લાનીમાં વૃદ્ધિ કર્ત્તાછે. આ વ્યભિચારના ઉછળતા પ્રવાહના તરંગોમાં પ્રજા તણાવા લાગીછે. પરિણામે તણાતાં આશ્રય ભુત કોઈ સુજ્ઞ પુરૂષ વર્યતા ધરાવી ઉત્પન્ન થયો એમ માહરા જોવામાં આવ્યું નથી. તો વિંનતીછે કે સદ્ગ્રાજનો તે પ્રવાહમાં તણાતા પ્રાણીના આશ્રય ભુત [૪]નાવ થાઓ જ્યાં સુધિ વ્યભીચારનું પ્રબળ જોશ કર્યા જારી રહેશે ત્યાં સુધિ આપણી હિંદ પ્રજાનો [૫]સમાજ સુધારાના સારા સ્તંભ ઉપર આવી ચડવાનો નથીજ વિશ્વમાં સાર્થવાહ થઈ સુભ સ્તંભનું આરોપણ કરવું એ વર્ત્તમાન પ્રસંગે દરેક વિદ્વજનનું ધાર્મિકયપણાનું શ્રેષ્ઠ કાર્યછે દ્રઢ સ્તંભ પ્રથમથી આરોપણ થાય તો પછી તે સ્તંભ અસંખ્ય કાળાન્તર સુધી અચળ અને અમર રહેસે એ નીશંશયછે.

વ્યભિચારના પ્રબળથી આપણી ઉંચ જ્ઞાતીયોમાં કેટલું હલકાપણું પ્રાપ્ત થયું તેનો વિચાર કરશો તો તમારી ચક્ષુ આગળ એક મહાન ગિરી ખડો થઈ આવશે. પોતાની પ્યારી ચક્ષૂઓને તસ્દી ન આપવા સબબથી મિંચી રા-

---

૧ ઉતાવળ. ૨ શત્રુ. ૩ રોગ. ૪ ઝાઝ. ૫ જરથો.

ખશો તો પછી "શોમણુતેજે અંધારૂંજ" છે તે અંધારાના પ્રદેશમાં ફાંફાં મારતાજ રહેશો એમાં શક નથી. જ્યારે કોઈ પણ ન્યાતોમાં કોઈ પત્નિ બદચાલી થઈ હશે તો પછી તે ન્યાતીની સુસિળ સ્રીને પણ કોઈ વખતે લજવાવું પડેછે કેમકે [1]સર [2]સરિતા કુપાદિક [3]જળાશયના [4]ત્રટે તે સ્રીયો[5] ઉદક ગ્રહણાર્થે જાયછે તે સ્થળે અન્ય નિચ કોમની પત્નિઓ પણ તેને ધીક્કારેછે. અને ધીકાર્યતા ભરેલાં મહેણાં (મર્નિત વાક્યો) વદવા સત્વ થાયછે ઈત્યાદિ કેટલી દુઃપ્રસંસાનું કાર્યછે? આ, થોડી હાસ્ય અને દુઃખ દાયક બીનાછે? હાસ્ય તો શું? યદપિ [6]અવિની માતા [7]રાહ આપે તો પાતાળમાં ઉતરી પડવા જેવુંછે. હવે જ્યારે એક સ્રિ ભ્રષ્ટ થવાથી આટલું અક્ષમ કષ્ટ સહન કરવું પડે તો પછી ઘણી સ્રિઓ કુચાલિ થાય તો વિશ્વમાં દુઃખના લક્ષાંશમે ભાગે સુખ રહે તેનો વાંચનાર સાહેબો અવશ્ય વિચાર કરશો એમ આશાછે.

ધીકાર્ય છે તે પુરૂષોને કે જેણે નિજ [8]પ્રિયતમાયો વિગેરે કળત્રોને બિભિત્સ વદતાં એકાં બેકાં જોયાં કર્યું તેવા પુરૂષોને એવે શમયે શબજન (મુડદાં) માત્ર માંનવાજ વાસ્તવીક છે.

આ અત્યંત દુઃખદાયક ગિતો (ફટાંણાં) વદવાનો રી-

---

૧ તળાવ. ૨ નદી. ૩ જળનું. ઠેકાણું. ૪ આરો. ૫ જળ. ૬ પૃથ્વી. ૭ માર્ગ. ૮ સ્રિયો.

વાજ ક્યારે નિર્મૂળ થઈ તેનું જડત્વ નીકળી પડશે બલકે **मूलंनास्तिकुतःशाखा** ક્યારે થશે! કેમકે પ્રથમથીજ મુળની નાસ્તી થાય તો પછી શાખાની ઉત્પતિ થવા સંભવ રહે નહિં માટે [1]અષ્ટા. આ પ્રજામાં અવિનાશી સુખનાં [2]પ્રારબ્ધની પ્રેરણા કરી આનંદાશ્રુ ક્યારે પ્રગટાવશે તેની આ પવીત્ર સ્થળે હું હદ બાંધિ શકતો નથી.

ખુદ માહારીજ જ્ઞાતિમાં પણ આ જુલમ કર્તા બિભીત્સ ગીતો (ફટાંણાં) વદવાનો રીવાજ જારીછે. બલકે કોઇક સ્ત્રિપર બદચાલી ચિન્હ દર્શાયછે તે પત્નિઓના પતિ પીતા યા બાન્ધવોને બાયલા નામર્દ શીવાય વધારે [3]અવર માન આપવું દુરસ્ત નથી અતે તેવા પુરૂષોનાં સ્વંગોપાંગ સિથિળતા પામ્યાં હશે કે જેથી કરીને તેવી સ્ત્રિયોને પ્રતીબંધ કરવા અશક્ત હશે કિંવા તેવા દુકૃત્યના સાધન વડેજ તેમનો શાંશારિક નિર્વાહ ચાલતો હશેજ એમ કલ્પના થાય છે.

દોહરો.

કામનિના કૃત્યો વડે ઉદર ભરે નર જેહ,
[4]મોમ પ્રાય નરે માનિયે ધર્યું વ્યર્થ તન તેહ. ૧

નીજ જ્ઞાતીની ગુપ્ત બીનાની પ્રસીદ્ધતા કરવી એ સમજણના નિયમથી પ્રતિકુળ છે. યદ્યપિ આ પ્રસીદ્ધતાથી પરીણામે વિનાશ થાય છે. ઉત્તરોતર અષ્ટીક્રમમાં વધારે હાની થતાં કુચાલી પત્નિઓની સારકસીનું પરીબળ વૃદ્ધિ

૧ પ્રજ્ઞા. ૨ નશીબ. ૩ બીજું. ૪ મેણ.

પામે છે. જારિણી અને ઠગારી સ્ત્રિયોના વિશ્વાસથી પોતાનાં લોચન મિચી નચિંત થઇ પડી રહેલ ભોળા પુ. રૂષો તદન માર્યા જાય છે. લક્ષ્મીનો કુમાર્ગે [1]વ્યય થાય છે. કિર્તિ અને સચાઇનો [2]લય થાય છે. સ્ત્રિઓમાં કુશીળતા- સર થાય છે. ઇત્યાદિ અનેક પ્રકારની હાનીઓ પ્રસંગોપાત ઉત્પન થવા લાગી સબબ માહારે જ્ઞાતના અને સાર્વજ- નીક લોક હિતોર્થ કિંચિત્ જણાવવું વાસ્તવીકછે. વિદ્વ- જનો આ પ્રસંગે ઠગારી સ્રીયોનું છળ કમી થાવા બનતો પ્રયત્ન કરશો. નઠારાં બેઅદબી ભાષણોનો પ્રૌઢ રીવાજ પ્ર- સરેલ નાશ કરી જ્ઞાતીમાં સુધારાનું પ્રવર્તન કરશો. કે જે- થી પ્રજા મહાન્ દુઃખમાંથી વિમુક્ત થઈ સુખ સાગરમાં નિમગ્ન રહે.

કેટલાય જનો જ્ઞાતીમાં પડેલ તકરારનો નિવેડો કરનાર અર્થાત પંચાયતીઆ કેવાય છે. તેઓ અન્યની પંચાયત કરવામાં જેટલી [3]કારકીરદી અને સ્વતંત્ર સત્તાનો અમલ ધરાવે છે તેટલો નિજગૃહમાં તનુજા પત્નિ કે ભગિની વિષે કેમ નહિં વાપરતા હોય ? આ શું ! થોડો હાસ્ય કર્તા પ્રસંગ છે ? જ્યાં સુધિ સ્વકુટુમ્બ અને સ્વગૃહમાં સુધારો કીધો નથી ત્યાં સુધિ પંચાયતીઆ અને જ્ઞાતના મુખી શેઠ નામ ધરાવવું એ વ્યર્થ છે. અજાની[4] પ્રાયે દાઢીયો તથા મુંછો વધારી બાંયો ચઢાવી કેટલાક મદાન્ધ જનો પો-

૧ ખર્ચ. ૨ નાશ. ૩ ચાલાકી. ૪ બકરાં.

તાનું [1]બાહોશપણું દરશાવવા અત્યંત ડાકડીમાકી થઈ ફરે છે. અને કેટલાક જનો ઘડીઆળ, ગલપટા, ટોપી, પાટલુન, લાકડી, બુટ સ્ટૉકિંગ, ધારણ કરી વહુઓના વેચાણ થઈ મા બાપોને ધુરકાવે છે. તેમજ કેટલાક જનો મસ્તક ઉપર મોહોટા ધમાલા ધારણ કરી હસ્તમાં હોકા ડ-ડાવી ઘણા જનોની મળેલ સભાના મધ્ય ભાગે આવી જ-ગ્યા રોકી ફાવે તેમ ગપ્પો મારવાને મંડી પડે છે. અને પાસે બેસનારાઓ પણ **यथा राजाः तथा प्रजा** ની માફક હાએહા કહેવામાં કે ડોકાં હલાવવામાં ચુકતા નથી. આવી સભામાં કોઈ જન હિત વર્ધક અથવા પત્નિ સુધારા વિષે ઉપદેશી જન આવી ચડ્યો હોય તેને યોગ્ય સન્માન આપવું કે તેની હિત વાર્તા લક્ષમાં લેવી એ સમજતા નથી તો પછી તેવા જનોએ આ નિબંધના [2]રહસ્ય રૂપ અમૃતનું પાન કરવું અતિ દુર્લભ છે. તદપિ માહારે આ પ્રસંગે સાર્વજનીક હિતોપદેશ દ્વારાએ કિં-ચીત્ વદવું વાસ્તવીક છે. કેમકે અનુક્રમે સ્ત્રિવર્ગની કુઃબુ-ધિથી પરીણામે મનુષ્ય વધ સુધિ ગુન્હા બને છે માટે જે આપણી દુર્ભાગ્ય હિંદમાં પત્નિઓને અયોગ્ય છુટ મળી છે તે લગ્ન કરાર અને શાસ્ત્ર નીયમથી પ્રતિ કુળ છે.

સર્વ પત્નિ વર્ગને પણ વિનંતી કરવાની કે વ્યભિચા-

---

૧ હુંશીયાર. ૨ સાર. ૩ વીરૂધ.

રાદિ બદ કર્મથી અને કુવાક્યથી કેવી દુઃસહ દશા પ્રદીપ્ત થાય છે. તેતો સર્વત્ર સુસિગ અબળાયોને અજાણમાં હશેજ નહિં પણ કુશીળ અને શઠ બુદ્ધિવાન પતિઓને આવાક્ય અતિ તિક્ષણ બાણ પ્રાયે ખટકશે અર્થાત તેમને હિત વાક્ય કટુક લાગશે. કેમકે ભર્તૃહરી શતકમાં કહ્યુંછે કે
'सर्वस्तौषध मास्ति शास्त्र विहितं मूर्खस्य नास्तोषधं'
મતલબ કોઈ પણ શાસ્ત્રમાં મુર્ખતાનું ઔષધ કહ્યું નથીજ.

પોતાના સુસોભિત મુખાર્વિંદમાંથી બિભિત્સ વાક્ય વદતાં પોતાના પ્રમાણિકપણાને તેમજ ઉત્તમ કુળને લાન્છન લગાવનાર બીના થઈ પડેછે. અન્ય વિદ્વજનો કેટલી ધિકાર્યતા આપેછે. આ શું ! તમો પતિવ્રતા પત્નિઓને એવું શરમ યુકત કાર્ય નથી. લૌકિક કહેવતછે કે "સ્ત્રિયોના મુખ ઉપર સો મણનું તાળું હોયછે" પણ આહાવે શમયે તે તાળું વગર કુંચીએ ઉઘડી જાયછે તે ઓછી આશ્ચર્યતા નથી. આ તાળું અકસ્માત ઉઘડતાં તેમાંથી નીકળતા કુવચનો રૂપી અધમ વાકયોની એકાએક વૃષ્ટી થઈ આસપાસ સ્થિત થયેલ જનોના સમુદાયમાં વીસ્તાર પામેછે આ વૃષ્ટીના બિભીત્સ શબ્દો મદાન્ધ માનવોના હૃદયમાં ધારણ થતાં તેવાઓને પ્રીયતા દર્શાવેછે. અને જ્ઞાની, ધાર્મીક તેમજ વિદ્વ જનોને તેવાં વાકયો તીક્ષણ બાણના [1]ભેદન સમાન થઈ પડેછે અને તેટલાજ શબ્દથી પોતાનું

---

1 શરીરમાં પોચાવું.

જીવિત અકારથ થયા બરાબર સમજેછે. અર્થાત્ સર્વ [1]લલનાપો પ્રતે માહારી પ્રાર્થના છે કે તમારા મુખનાં તાળાં [2]કવચિત્પી ખુલ્લાં પાડશો નહીં. ખુલ્લાંપડવાથી તમારાં માતૃ અને પીતૃ ઉભય વર્ગનાં પૂર્વજો સુધિ લજ્યા વિમુક્ત થવું પડેછે. અને પરિણામે નરક નિઃવાસીતપણું પ્રાપ્ત થાયછે.

માલીની વૃત.

વદ વદ વદવાથી, જ્યાં મળે જ્ઞાન સારૂં;
નહિ નહિ ઘટવાનું, માન ઓછું તમારૂં;
ધન ધન ધન જેનાં, વાકય [3]સાનંદ કારી;
પતિ પતિ પતિ વૃત્તી, સર્વથા શ્રેષ્ટ ભારી. ૧
કુબુધિ કુટિલતાછે, વીશ્વમાં કષ્ટકારી;
અતિ અદભુત જેનાં, નેત્રછે દુઃષ્ટ જારી;
નહિં નિજ ચિત્ ધારો, તેહ નારી તમારી;
સનમુખ નિરખી લ્પો, ધૈર્યતા ચિત ધારી. ૨

આ[4]કના દુનીયાંમાં સ્ત્રિ વર્ગમાં જન્મ લઈ પોતાના કુળને હિનતા લગાવી દોષીત થવું એ પતિવ્રતા અબળાપોને ચાલતી સૃષ્ટીના ક્રમમાં અત્યંત ખેદ યુકતછે. સુભાષિણી અને સુલક્ષિણાં લલનાપોની [5]અપર ગતી થયા બાદ પણ તેમનો શુયશ વિશ્વમાં અચળ રહેછે. અર્થાત સર્વત્ર રીતે કુવાકય વદવું ત્યાગ કરવું એજ સાર્થકછે, મંદમતિવાન વૃદ્ધા સ્ત્રિઓ. (ડમકા ડોસીપો) વીગેરે આવાં ધિ-

---

૧ સ્ત્રી. ૨ કદી પણ. ૩ આનંદ. ૪ કુડી. ૫ બીજી.

કાર્ય ગીતો વદવા જે બાળ તરૂણીઓને ઉપદેશ આપી લજ્યાનું [૧]નિકંદન કરવા જેજે પ્રકારે ઉશ્કેરણી આપે તેપર ચિત્ત ન લોભાવતાં તેવી રંડીકાયોને તે સ્થળેથી હાંકી કહાડવા પ્રયત્ન કરવો યદ્યપિ સમસ્ત અઘટીત વાક્યોનો વિનાશ કરવા સત્વર થવું એજ સદ્ગુંણી વનિતાયોનો શ્રેષ્ટ માર્ગછે. પરંતુ સર્વ રીતે લજ્યાનો ત્યાગ કર્યો તો પછી તેમને માટે થોડું દીલગીરી ભરેલું નથી. સદ્ગુંણી પત્નિયોએ સ્વપતિની આજ્ઞાનું ઉલંઘન નહિં કરતાં તેનાપર ઇશ્વર ભાવ રાખવો જોઇએ. કેમકે બ્રહ્માના પુત્રે કહ્યુંછે કે,

श्लोक

तस्मात्पतीव्रतातार्य श्रेयस्कामासुमध्यमे
यजतेनन्यभावेन पतीमात्मानमीश्वरं. २

ભાવાર્થ—પતિવૃતા સ્ત્રિઓ પોતાના કલ્યાણને ઇચ્છતાં હોય તેણે પોતાના પતિને પોતાના આત્માનો ઇશ્વર જાણીને અનન્ય ભાવે સેવવો.

અધમ કાર્યમાં પોતાની ચિત્ત વૃતિને વેગ આપવો ન જોઇએ. નીજ કુટુમ્બમાં સુસંપ અને સુલક્ષણથી વર્તવામાં પોતાની મહત્તા ધાર્મિકપણું અને ઇશ્વરા ગતિ છે એમાં શક નથી. નિજ પતિ કદાપિ દોષિત હોય તદપિ તેના કુગુંણ સાંહામું નહિં [૨]વિલોકતાં તેના પર અત્યંત પ્રીયતા દરશાવવી. કેમકે નારદી પુરાણમાં કહ્યું છે કે,

૧ નાશ. ૨ જોવું.

श्लोक

श्रणुनारदवक्षामी, सतीनांव्रतमुतमं.
कुरूपोवाकुवृतोवा, सुस्वभावोथवैपतीः १

ભાવાર્થ—શ્રી મન્ નારાયણે નારદને કહ્યું છે કે, હે નારદ ! પતિ, કુરૂપ હોય યા, કુવૃત્તી વાળો હોય તદપી પતિવૃત સ્ત્રિએ તેને ભગવાન તુલ્ય કરી માનવો.

અપ્રીય વચને તેનું ચિત્ત ભંગ કરવું નહિં જારીણી પત્નિઓનો સંગ કરવો નહિં કામાન્ધી પુરૂષો સન્મુખ કદાપિ [1]કટાક્ષ જોડવાં નહિં. ઇત્યાદિ સર્વત્ર કુલક્ષમાં વૃતી ન દોરવી એ ઉત્તમોતમ સુભ ગુણી પત્નિનું અનિવાર્ય કાર્ય છે. સુસીળ અબળાઓને સ્વપતિ સમાન અન્ય કોઇ પણ પવીત્ર તીર્થ નથી. માટે અવર દેવની ઉપાસના માર્ગ વર્જિત કરી સમસ્ત રીતે પતિની આજ્ઞા અનુંસારે વર્તવું એજ શ્રેષ્ટ પરમાર્થ છે. પતિની આજ્ઞા જે સ્ત્રિઓ ઉલંઘન કરી બીભિત્સ વાક્યોમાં [2]રંજીત રહે છે તે મહા કનિષ્ટ ગતિને પ્રાપ્ત કરી તેવી દુર્દશામાં [3]ચિરં કાળ પર્યંત ભુક્ત થઇ પડે છે.

ગીતિ.

પળમાં પ્રાણ [4]સમર્પે, કિંચિત્ સંકટ નિજ પતિજો પામે;
સુસીળતે પ્રમદાનો, સકળ જગતમાં યશ રૂડો જામે. १

---

१ નજર. २ રાજી. ३ લાંબા. ४ આપે.

માટે સ્વપતિના સંકટ સમયમાં પોતાના ક્ષણ ભંગુર પુદ્ગળનો લોભ ન ધારણ કરતાં પોતાના જાનનું અર્પણ કરવું કબુલ કરે તેનેજ શાસ્ત્રને વિષે પતિવૃત્તા ધર્મ પાળ માનેલી છે. ભુંડુ વદવું અને ગાળો દેવી એ નિંચ માણસ-નું કાર્યછે. અને તેમ વર્તવાથી ન્યાઇ ઇશ્વરનો મનુષ્ય ઉપર કોપ થાય છે માટે સુલક્ષથી વર્તવું જોઇએ. તેમજ એ દુઃષ્ટ અને અનિતી વર્ધક વાતોને ઉત્તેજન નહિં આપતાં એ વહેમી ચાલને તદન [1]નાબુદ કરવી જોઇએ. વળી જ્યાં આવાં અનિતી વર્ધક ગીતો વદતાં હશે તે જગ્યોએથી કોઇ યુરોપીયન પોતાની [2]લેડી સાથે પસાર થયો હોય તો તેના મનમાં એવો નિશ્ચય સંકલ્પ ઉપન થાયછે કે આ કોઇ ગુંણકાવાડો હશે કિંવા વાઘરી કે ભીલવાડો હશે અગર નિચ મનુષ્યોની સ્ત્રીઓ સાથે મળીને પોતાની હલકાઇ દરશાવતી હશે. આ કેટલું શરમ ભરેલુંછે ? આપણા દેશની અનિતીને આ ફટાંણાં કેટલું બધું ઉત્તેજન આપેછે તેનો વિચાર, ઓ ! મહારી અણસમજુ બેનો તમેજ કરો.

ફટાંણાં વદવામાં લૌકિક કે પરલૌકિક સંબંધી કોઇ પણ જાતનો [3]પરોક્ષ કે [4]અપરોક્ષતામાં ફાયદો હોતો નથી. યદ્યપિ ગેરફાયદો તો અવસ્ય છેજ. વળી કોઇ મોટા માણસ કે વડીલ પાસે કોઇ સક્ષને વાત કરતાં બીભીત્સ શબ્દ વાપરવાની અગત્ય જણયતો તે શબ્દને ખુલ્લો નહિં બોલતાં

૧ નાશ. ૨ મડમ. ૩ તાદ્રશ. ૪ તાદ્રશ નહીં.

મર્મિત (મિદ) વચનમાં સમજુ સક્ષ જણાવે છે પરંતુ અણસમજુ પુરૂષ કાંઇ ડર રાખ્યા સીવાય છુટા શબ્દોથી સંકુચીત નહિં થતાં બોલી જાય છે. તો પછી આ ફટાંણાં વદતાં કેમ સંકુચીત્ ન થવું જોઇએ ? આવાં ગીતો સાંભળવાથી ભલા માણસો પણ કવચીત્ ભ્રષ્ટ થાય છે. કેમકે તે શમયે તે પુરૂષોની ચિત્વૃત્તી તથા કટાક્ષ આવી સ્ત્રીઓના સન્મુખજ સ્થીર થએલાં હોયછે તેથી [1]વીપરીત નીપજે ભોળી [2]ભામિનીયો અંધકારના પડદામાં ભરાઇ રહી અનીતીને ઉછેરેછે. અને તે અનિતી ઉમજ થતાંજ ઉછેરનારનો પ્રાણલે છે. માટે હે ! માહારી વાહાલી ગુર્જર બહેનો સર્વત્ર રીતે સ્ત્રિજાતીમાં સુધારો કરવો એ સદ્‌ગુણી પત્નિઓનું કાર્યછે માટે હોંસ રાખી નીડરપણે સત્ય કાર્ય કરી જય મેળવવો એજ સર્વાર્થ સિદ્ધિ છે. ખરૂં તાત્પર્ય એજછે કે: —

છંદ કુડળીયો.

નારી ! તારા નેહમાં, [3]નિમગ્ન કર નિજ નાથ;
સુંદરી સુખ દુખમાં સદા, રેહે સરખી તે સાથ;
રેહે સરખી તે સાથ, હાથ જેણે તુજ ઝાલ્યો;
રામા તેં [4]રંજવા કોલ લગ્ને તે આલ્યો;
ભામની ભવ દુખ–ભારવાહી [5]નૌકા થા સારી;
નાથ તેમ [6]સર સાથ, નેહથી કર વશ નારી ! ૧

---

૧ માઠું. ૨ સ્ત્રીયો. ૩ ખુશી. ૪ રાજી કરવા. ૫ ઝાઝ. ૬ સઘળો.

છંદ નારાચ.

સુનાર હોય તેહ આપ અંગ સુધ રાખશે,
વિચારિને વિશેષ બોલ મીષ્ટ વાણ ભાખશે;
કુવાક્ય કષ્ટ રૂપ જાણિ દુર એહ નાખશે,
સુ અંથ વાંચિ સાર સાર નાર એહ ચાખશે. ૨

એ પ્રમાણે સુનિતિએ વર્તવાથી વિશ્વમાં સુનિતિનો ઉદય થશે. અને સુભ કાર્યમાં સર્વદા દયાળુ ઈશ્વર શાહ્ય થશે. તથાસ્તુ: આં.

વસંત તિલકાવૃત.

[1]વાંમા તણી હિન મતા, જુગમાં પ્રકાશી,
તેથી ગયા વન વિ, જન કેક નાશી;
સ્વાતંત્રતા [2]જુવતિને, યદિ કેમ આપો,
નામર્દ ધારિ મનમાં, કરશેજ પાપો; ૧
ત્રાતી નિબંધ સઘળો, નહિ એમ રેશે,
સર્વોજનીક મનમાં, વ્યભિચાર પેશે;
કાન્તા થકી [3]વધ થશે, અતિશે જનોના,
માટે દયા ઉરધરો, સુભ લક્ષણોના; ૨

દોહરો.

અભળાયો દુખ [4]કૂપમાં, પડવા કરો ન કામ,
માનો વચન સુહીતનું, [5]કવું હું ઈચ્છારામ; ૩

---

૧ સ્ત્રિ. ૨ સ્ત્રિ. ૩ ખુન. ૪ કુવો. ૫ કહું.

નિબંધ કર્ત્તા વિષે.

સાર્દુલ્ય વિક્રીડીતવૃત.

ઇન્દુ ગાત્ર કળંક કંટક અતી, પદમા લતામાં કહ્યા,
છાજે સર્વ ગુણે કરી પણ દધી, સ્વાદંન્ય ભેદો ગ્રહ્યા;
રાખ્યા પંડિત નીર્ધનો અતિ વળી, મીત્રે વિયોગો લહ્યા,
મત્સંતઃ વસુવાન કેક જનમાં, લોહીજ્ઞ દોષો રહ્યા; ૧
ભાગ્યોહીન અત્યંત દૂભિજનયો, ગાત્રે સ્વરૂપો અતી,
ઇન્દુઆનન માનની રૂપવતી, પીડાયછે જે સતી;
ચંદ્ર સૂર્ય અથાગ તીવ્ર ભ્રમણે, આભંનિવાસે સદા,
દ્રષ્ટે દેખિ અપાર કુંજ નિગુણી, માફી લહું સર્વદા; ૨

ભાવાર્થ—ચંદ્ર છે તેનામાં પણ કળંક લાગેલું છે. પદમ જે કમળની નાળી છે તેને કાંટા કીધેલા છે. સમુદ્ર સર્વ વાતે યોગ્ય ઉપમાને લાયક છે તદપી તેનું પણ ઉદક પીવા યોગ્ય નથી. એટલે અન્ય (જુદોજ) સ્વાદ છે. પંડિત જે વિબુધજનો છે તેમને ધન હિંન કીધા છે. મીત્રાદિક સ્વજન વર્ગમાં વિયોગતા કીધીછે. અતિ લક્ષમીવંતજનોને કૃપિણ (બખીલ) બનાવ્યા છે. ભાગ્યહિંન તેમજ ભીક્ષુજનોને સ્વરૂપવાન કીધાછે. ચંદ્રાનની શૌદર્યવાન પત્નિયો છે તેમને અનેક તરેહની પીડા હોયછે. ચંદ્ર સુર્યને પણ ગગન મંડળમાં અહોનીસ ભ્રમણ કરવું એ પણ એક દુગ્ધા છે.

એહવી રીતે સર્વ શક્તીમાન ઇશ્વરે મોહોટાઓને અને

સર્વ પદાર્થોને એકેક દોષણ સહીત કીધેલા છે. તો પછી માનવ થાતી કોણ માત્ર છે! અને તેનું શું ગજુ છે? માટે માહારા. અલ્પજ્ઞાનમાં પણ અનેક દોષણો અને ખામિયો પરિપુર્ણ હશેજ તો પછી! આ અલ્પ મતિવડે વિરચિત નિબંધમાં ખામીયો હોય તે વીદ્વજનોની નજરે પડતાં તે પર દર ગુજર કરતાં સુધારી વાંચી ગુણ ગ્રાહ્ય કરશો. એમ આશા રાખુછું. એ વિનતી.

સમાપ્ત.

દોહરો.

પૂર્ણ પ્રખ્યાતી પામતા, પ્રતિ દિન પરમ ઉલ્લાસ;
વાંચો વાક્ય નિબંધનાં, જો ચાહો સુખ વાસ; ૧

પ્રથમાશ્રયી શાહેબોનાં સુભ નામોનું લીસ્ટ.

પ્રત. નામ. ગામ.

૧ ર. ભગવાનલાલ દાનેશ્વર થર્ડ ક્લાસ મેજીસ્ટ્રેટ સ્ટેટ દીઓદર

૧ રા. મુળચંદ કુબેરદાસ થર્ડ ક્લાસ. મેજી. સ્ટે. દીવોદર

૧ ર. બાવાજી રણછોડજી પોલીસ ફોજદારી દીવોદર

૧ ર. સોમનાથ કાશીરામ હોસ્પીટલ એસીસ્ટંટ. દીવોદર

રાછીણા. ૨

૨ રા. ઠાકોર વાકજી અમરસંગજી

રાધનપુર. ૧૦

૫ મે. સાહજીજી વીનયચંદ વી. ધનજીજી કડવામતિગચ્છે

૨ મી. પ્રેમચંદ જેઠાચંદ શાહ

૧ રા. રામાલાલ જવેરભાઇ જેલર

૧ રા. અચરતલાલ જવેરભાઇ

૧ રા. વજેરામ લાલજી કારકુન

તેરવાડા. ૧

૧ રા. ઠાકોર નથીખાખાંન નથુખાન જાગીરદાર.

પ્રત. નામ. ગામ.

સાંતલપુર. ૧૩

રા. દલછારામ લક્ષ્મીરામ સ્કુલ માસ્તર મારફત.

૪ રા. દલછારામ લક્ષ્મીરામ

૧ વકીલ બાલેખાં સુમરેખાં.

૨ પ્રેમચંદ સાંકળચંદ આસીસ્ટંટ.

૧ નેટીવ લાઇબ્રેરીના સેક્રેટરી

૧ ડાહ્યાભાઇ સાંકળચંદ

૧ પ્રેમચંદ ચતુરલાલ.

૧ કેવળદાસ મોરારજી

૧ ભીમા પાનાચંદ

૧ ઠકર નરશિભ ગોકળ

પાલણપુર. ૧૯

૧ મે. વાહાલુ ઇશ્વર.

૧ મે. ડોસજી તલકચંદ.

મી. સોભાગચંદ ખુબચંદ આશીસ્ટંટ મારફત.

૧ દોશી. શોભાગચંદ ખુબચંદ

૧ બક્ષી માણકચંદ નાથા.

૧ શા. વેલચંદ લલુ

૧ ભોઇ કેવળ ચતુર

૧ કોઠારી મોહનલાલ મોતીચંદ

૧ મહેતા બાપુલાલ ચુનીલાલ

૧ ,, મગાચંદ લલુ

૧ ,, ભીખા દોલતરામ
૧ ,, માણેકચંદ જેઠી.
૧ જેશંકર મોતીરામ ઔદિચ્ય
૧ શા. સમા ગુલાબચંદ
૧ વોહોરા સૈફુદીન ગુલામબક્ષ.
૧ ,, કાદરબક્ષ ગુલામબક્ષ.
૧ ,,સમસુદીન ગુલામઅલી.
૧ પઠાણ ગુલામબક્ષ કાદરબક્ષ
૧ કોઠારી અમુલખ મલુકચંદ
૧ મહેતા જશકરણ જીવરાજ.

રાધનપુર. ૬

ભંડારી ભુદરમલ હજારીમલ.
મારફત.
૧ હરજીવન પાશ્વચંદ ઉમેદવાર
૧ અમરચંદ મોતીચંદ શાહ.
૧ ઝોટા પ્રેમચંદ ધરશીચંદ
૧ દોશી કરેમચંદ રાવજી
૧ દોશી ગંભીર હરજીવન
૧ દસાડીઆ હરગોવન પુરશોતમ

દીઓદર. ૧૭

રા. અંબાશંકર ગોપાળજી
સ્કુલ માસ્તર મારફત.
૧ અંબાશંકર ગોપાળજી
૧ ભીખા ગુલાબ ચી. પોસ્ટમેન
૧ ઠાકોર ખાનજી આણંદ
શિંગજી. વિદ્યાર્થિ
૧ ચિમનશિંગજી સરદારશિંગજી
૧ વીદ્યાર્થિ હરાચંદ કેશવજી
૧ ,, વીરચંદ કેશવજી
૧ ,, પ્રાણશંકર હરીરામ.
૧ ,, સધ્દુ હુસેન.
૧ ,, બેચર ભાવજી.
૧ માઉન્ટીનસ્વાર પુંજાજી
બાલુભા આભાલે
૨ ,, મીજનીખાં કમાલખાં
૧. રીસાલાસ્વાર ખંડેરાવ
બાલુભા આભાલે
પઠાવાળા રસુલમીઆં દાદા-
મીઆં
૧ કોન્સ્ટેબલ માના દલા
૧ પો. સ્વાર હાથીખાંન ડોસ
મહમદખાંન.
૧ શા. તારાચંદ સાંકળચંદ

લોલાડા. ૭

રા. અંબાશંકર ગોપાળજી.
સ્કુલ માસ્તર મારફતઃ
૧ પહેલો માનીટર આદિત-
રામ પીતાંબર
૧ બીજો માનીટર અમરાજ
દેશળજી
૧ વિદ્યાર્થિ અંબારામ મુળજી
૧ ,, લવજી ભગવાન
૧ ,, નર્મદાસંકર ગોપાળજી
૧ ,, બેગાર રતનશી.
૧ ,, માંના બેગાર

ડિંગ. ૯

મી. ભોગીલાલ ઉત્તમચંદ મારફત.

૧ ભોગીલાલ ઉત્તમચંદ
૧ માનીટર અમથાલાલ પુરૂષોતમ.
૧ શા. જગસી હરજીવન
૨ ઠકર દેવરામ મુળજી
૧ લલુચંદ ટોકરશી.
૧ ઠા. ગોદડસિંગજી હરીભાઈ
૧ પ્રેમચંદ લક્ષ્મીચંદ
૧ ખતરી ભગવાન દયારામ

કુવાળા. ૭

લોલાડીયા કાનજી અમરશી. મારફત.

૧ લોલાડીઆ કાનજી અમરશી.
૧ શેઠ મગનલાલ પોપટ
૧ લોલાડીયા વનજી ખુબચંદ
૧ " દેવશી સાંમજી
૧ " ડુંગર રામચંદ
૧ શા. સુદર પાંનાચંદ
૧ શા. ખુબચંદ રૂપશી

ભાભેર. ૬

રોળીયા જગુટોકર મારફત

૧ રોળીયા જગુટોકર
૧ " અમુલખ કમળશી.
૧ " ભીખા માંના
૧ વોરા કાળીદાશ બેચર
૧ શા. કપુર માંના
૧ શા. ગેના લાલા

સમી. ૧

૧ મી. પંડ્યા નથુરામ ગંગારામ રાધનપુર પોલીસ મારફત.

મુજપુર. ૫

૧ વ્યાસ મોયાચંદ ઉમેદવાર
૧ મેહનલાલ ભોગીલાલ "
૧ મી. જેઠાલાલ અમુલખ.
૧ મ. પોપટલાલ તારાચંદ
૧ શુકલ જેઠાલાલ ત્રીભોવન

રાધનપુર. ૧૪

૧ મે. શેઠ ભીખાલાલ બાદરચંદ
૧ શા. પ્રભુલાલ ઈશ્વર મારફત
૧ જાખેલીયા જેતસી પીતાંબર
૧ કોરડીયા દલપત પ્રેમચંદ
૧ દોશી. પ્રેમચંદ ભાણજી
૧ ત્રવાડી શાંમજી ઓખારામ
૧ " લલુ હરજીવન.
૧ પારેખ નાગર હેમચંદ
૧ મી. નાથાલાલ લક્ષ્મીચંદ
૧ મશાલીયા જગજીવન લવજી

૨ પુનમચંદ મોતીચંદ
૧ શા. જીવતલાલ કરમચંદ
૧ દલપત સવાઈ સ્કોલર

થરા. ૩

૧ મહેતા ઉમીયાશંકર રણછોડલાલ.
૧ મોની ઓખા મગનચંદ
૧ પાંચાંણી સરૂપચંદ કેવળ

ખારીઆ. ૧

૧ વેલાંણી નીહાલતેજશી

ફોરણા. ૧

૧ શા. માણેકચંદ ગેલચંદ

સોની. ૧

૧ વારૈયા મગન કેવળ

જાવંત્રી. ૧

૧ ગાંધી દલીચંદ અમીચંદ

બેણપ. ૧

૧ તરવાડી ઉજમ માહાદેવ

મોરવાડા. ૨

શા. પ્રભુલાલ ઈશ્વર મારફત
૧ સંઘવી. નેમચંદ ડુંગરચંદ આસીસ્ટંટ
૧ દોશી. અમુલખ હકમચંદ

તેરવાડા. ૧

૧ ભણસાળી પુરષોતમ વજેચંદ

ઉંણ. ૧

મી. ભોગીલાલ ઉત્તમચંદ મારફત
૧ શા. રાવજી કમા. વિદ્યાર્થિ

---

૧૦ બુક ભેટ.

૧ શા. કેશવજી વી. નથુચંદ દીઓદર
૧ મે. સાહેબ બાપાલાલ ભાઈશંકર ઈંગ્લીશ સ્કુલ હેડમાસ્તર રાધનપુર
૧ મી. ભોગીલાલ જેઠાલાલ ઈં. સ્કુ. આ. માસ્તર
૧ મી. કેશવલાલ હરજીવન કારકુન
૧ મી. ત્રીભોવન અમુલખ.
૧ વકીલ નંદકીશોરલાલ બળરામજી સુરતબંદર
૧ રામી શંકર પીતામર ભાયણી.
૧ લંઘા હસન હાવલ પાલીતાણા
૧ શા. ચુનીલાલ મેઘરાજ પાલનપુર.
૧ કવી કેશવલાલ સીવરામ અમદાવાદ

રાધનપુર કન્યાશાળા

વર્ગ ૧૨

મી. ચંપકલાલ પાનાચંદ
ક. આસીસ્ટંટ મારફત
૧ હરકોર ઉત્તમચંદ
૧ મુંધી મોકીલાલ
૧ હાલી પાનાચંદ
૧ ચંચળ કસ્તુર

સુરત.

૧ રાધાગવરી નંદકીશોર
૧ હરકોર ખુડમલ.
૧ ચની શેઠ
૧ મણી છગનલાલ
૧ માણેક ગંગારામ
૧ રેવા હરીશંકર
૧ સુરજ શંકર
૧ રૂપી નથુ.
૧ દલછી શંકર.

રાધનપુર. ૧

૨ મી. દામોદર કેશરીભાઈ
૧ રા. શીવલાલ બાદરચંદ

બાંમણવાડા. ૧

૧ પુંજા વી. ગીરધર નાયક

